# મ્યુચ્યુઅલમાં રોકાણ માટે ઈન્કમટેક્સ રાહતની માંગ

નવી દિલ્હી,તા. ૭

ગયા વર્ષે એક્શન પેક્ડ ગાળામાંથી પસાર થનાર ભારતના મ્યુચ્યુઅલ ફંડ (એમએફ) ઉદ્યોગને પણ કેન્દ્રીય બજેટથી ઘણી અપેક્ષાઓ રહેલી છે. મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગે પોતાની રજૂઆતો કરી દીધી છે. આ સેક્ટર માટે તેના સુધારા પગલાંઓને ચાલુ રાખવા સરકારને મ્યુચ્યુઅલ ફંડ દ્વારા અપીલ કરવામાં આવી છે. મ્યુચ્યુઅલ ફંડને આશા છે કે આગામી સામાન્ય બજેટમાં સરકાર હાલમાં મ્યુચ્યુઅલ ફંડ સાથે રહેલા જુદા જુદા મુદ્દાઓને ધ્યાનમાં લેશે. બજેટમાંથી પોતાની ટોચની અપેક્ષાઓ પૈકી ફંડ હાઉસ ઈચ્છે છે કે ખાનગી સેક્ટરના મ્યુચ્યુઅલ ફંડમાં મૂડીરોકાણ કરવા કંપનીઓનો મંજૂરી આપવામાં આવે. સાથે સાથે નેશનલ પેન્સાન સ્કીમ (એનપીએસ) હેઠળ મ્યુચ્યુઅલ ફંડ પેન્સન સ્કીમમાં રોકાણની પણ મંજૂરી આપવામાં આવે. ઉપરાંત સિક્યુરિટી ટ્રાન્જેક્શન ટેક્સ (એસટીટી)ના ચાર્જના બેવડા બનાવના મુદ્દાને પણ યોગ્ય રીતે હાથ ધરવામાં આવે. દેશના સૌથી મોટા ફંડ હાઉસ આઈસીઆઈસીઆઈ પ્રુડેન્ટીયલ મ્યુચ્યુઅલ ફંડના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર નિમેષ શાહે કહ્યું



છે કે હાલમાં સીટીટી કરના ભાગરૂપે તમામ ખરીદી અથવા તો લેવડ દેવડ ઉપર એસટીટીની ચૂકવણી કરવા યુનિટ ધારકને ફરજ પડે છે. આના કારણે મૂડીરોકાણકાર ઉપર એસટીટીના બેવડા બનાવ અમલી બને છે. આને પરત ખેંચવામાં આવે તે જરૂરી છે. ક્વાન્ટમ એમએફના સીઈઓ જીમી પટેલે કહ્યું છે કે એસટીટી તરફ ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. ઈન્ડિયન મ્યુચ્યુઅલ ફંડ હાઉસમાં રોકાણ કરવા વિદેશી રોકાણકારોને મંજૂરી આપવાના બે વર્ષ અગાઉના નિર્ણયની હજુ અસર દેખાઈ રહી નથી. કારણ કે ઘણી પ્રક્રિયા ઘણી જટિલ બનેલી છે. સ્થાનિક ફંડ હાઉસમાં વિદેશી નાણાં આવી રહ્યા નથી. અન્ય માંગ ઉપરાંત ફંડ હાઉસો દ્વારા સ્કીમનો મર્જર માટે મૂડીરોકાણકારોને ટેક્સ બ્રેક અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ઉદ્યોગ દ્વારા એવી રજૂઆત પણ કરવામાં આવી છે કે મ્યુચ્યુઅલ ફંડ દ્વારા પાસ થ્રુ સર્ટીફિકેટ (પીટીસી)માં રોકાણ ઉપર ઈન્કમટેક્સ અમલી બનાવવો જોઈએ નહીં. મ્યુચ્યુઅલ ફંડ દ્વારા અન્ય ઘણી માંગણીઓ પણ કરવામાં આવી છે જેના ભાગરૂપે ટેક્સમાં રહેલી ખામીઓ દૂર થવી જોઈએ. ખાસ કરીને ફંડ ઓફ ફંડ સ્કીમમાં રોકાણ માટે અડચણો દૂર થવી જોઈએ.

## યુપીની અખિલેશ સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ કરાયું

નવી દિલ્હી, તા. ૭

ઉત્તારપ્રદેશની અખિલેશ યાદવની સરકારે તેના શાસના એક વર્ષ બાદ આજે મંત્રીમંડળનું વિસ્તરણ કરીને ૧૨ નવા ચહેરાઓને સ્થાન આપ્યું છે. જેમાં એક કેબિનેટ અને ૧૧ને રાજ્યકક્ષાના મંત્રી બનાવાયા છે. મંત્રીમંડળમાં સમાજવાદી પાર્ટીના અગ્રણી નેતા રાજેન્દ્ર ચૌધરીને કેબિનેટ મંત્રીનો દરજ્જો અપાયો છે. જ્યારે વિજયકુમાર મિશ્રને રાજ્યમંત્રીનો દરજ્જો આપીને સ્વતંત્ર હવાલો આપ્યો છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, રામમૂર્તિ વર્મા, વિનોદકુમારસિંહ ઉર્ફે પંડિતસિંહ, વિજયબહાદુર પાલ, આલોકકુમાર શાક્ય, રામ ગુજ્જર, મનોજકુમાર પાંડે, ગાયત્રીપ્રસાદ પ્રજાપતિ, નીતિન અગ્રવાલ, તેજ નારાયણ પાંડે ઉર્ફે પાવન પાંડે, યોગેશ પ્રતાપસિંહ ઉર્ફે યોગેશ ભૈયાનો રાજ્યકક્ષાના મંત્રી



બનાવાયા છે. મુખ્યમંત્રી અખિલેશ યાદવે સમાજના તમામ વર્ગને પ્રતિનિધિત્વ મળી રહે તેવા પૂરતા પ્રયત્નો કર્યા છે. જે ૧૨ મંત્રીઓએ શપથ લીધા જેમાં પાંચ પછાત વર્ગના છે, ત્રણ બ્રાહ્મણ, બે રાજપૂત અને એક જાટનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી અખિલેશ યાદવે લોકસભાની આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને મંત્રીમંડળનું વિસ્તરણ કર્યું છે. બુધવારે મુખ્યમંત્રી અખિલેશે રાજ્યપાલ બી. એલ. જોશીની મુલાકાત લીધી હતી. અને ત્યાર બાદ મંત્રીમંડળના વિસ્તરણ ચર્ચાએ જોર પકડ્યું હતું. સમાજવાદીપક્ષના સુપ્રીમો મુલાયમસિંહ યાદવ કેટલાંક મંત્રીઓની કામગીરીથી અગાઉ નારાજગી દર્શાવી ચૂક્યા છે. લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને લોકોમાં સારો સંદેશ પહોંચે એટલા માટે મંત્રીમંડળમાં ફેરફાર કરવાનું જરૂરી બન્યું હતું.

## મુંબઈમાં બ્રિજનો હિસ્સો તૂટી પડતાં ત્રણ મજૂરોના મોત થયા

મુંબઈ,તા. ૭

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં આંતરરાષ્ટ્રીય વિમાની મથક નજીક નિર્માણ હેઠળ રહેલા એક બ્રીજનો હિસ્સો બુધવારે મોડી રાત્રે તૂટી પડ્યા બાદ ત્રણ લોકોના મોત થયા છે અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે. આ સમગ્ર મામલામાં તપાસનો દોર જારી રહ્યો હતો. અધિકારીઓએ માહિતી



આપતા કહ્યું છે કે ઘાયલ થયેલા લોકોને સારવાર માટે કુપર હોસ્પિટલ અને દેસાઈ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બનાવની જાણ થતાં ફાયરબ્રિગેડ અને અન્ય ટૂકડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. કાટમાળ હેઠળ ફસાઈ ગયેલા મોટાભાગના લોકો નિર્માણ કામગીરી સાથે જોડાયેલા મજૂરો હોવાનું જાણવા મળ્યું છે. બ્રિજનો હિસ્સો કેમ તૂટી પડ્યો તે મામલામાં તપાસ ચાલી રહી છે. પોલીસે કહ્યું છે કે આ સંબંધમાં સંબંધિતોની પૂછપરછ પણ કરવામાં આવી છે. બનાવના લીધે તંત્રમાં પણ ભારે ભાગદોડ મચી ગઈ હતી. નબળી ચીજવસ્તુઓનો ઉપયોગ નિર્માણમાં કરવામાં આવ્યો હોવાના કારણે આ બનાવ બન્યો છે તેમ પ્રાથમિક રીતે બન્યું છે.

## ખાંડ ઉપર નિયંત્રણો ઉઠાવી લેવા જોરદાર રજૂઆત થઈ

નવી દિલ્હી,તા. ૭

ખાદ્યાન મંત્રાલય દ્વારા ખાંડને સરકારી અંકુશમાંથી મુક્ત બનાવી દેવાની રજૂઆત કરી છે. ખાદ્યાન મંત્રાલય દ્વારા પાંચ દશક જૂના નિયંત્રણોને ઉઠાવી લેવા માટે હવે હિલચાલ હાથ ધરી છે. મળેલી માહિતી મુજબ ખાંડ ઉપરના નિયંત્રણોને ઉઠાવી લેવા કેબિનેટ મંજૂરીની માંગ કરવાનો નિર્ણય ખાદ્યાન મંત્રાલય દ્વારા કરવામાં આવ્યો છે. સરકારની સર્વોચ્ચ નિર્ણય લેતી સમીટિ દ્વારા પ્રથમ વખત આ પ્રકારની હિલચાલ હાથ ધરવામાં આવનાર છે. ૫૦ વર્ષ અગાઉ કઠોર ધારાધોરણ હેઠળ ખાંડ સેક્ટરને આવરી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. રાજકીય રીતે ખુબ જ સંવેદનશીલ હિલચાલ તરીકે આને ગણવામાં આવે છે. ખાંડનો અંકુશમુક્ત કરવાની હિલચાલને લઈને કારોબારીઓમાં પણ ખળભળાટ મચી ગયો છે. ઉદારીકરણના બે દશક બાદ રાજ્યના અંકુશમાં છેલ્લા ગઢ પૈકી એક તરીકે ખાંડને ગણવામાં આવે છે. આ સાહસી હિલચાલ ભારે નારાજગી નોંધાવી શકે છે. વિદેશી સીધા મૂડીરોકાણને લઈને હાલ ચિંતા પ્રવર્તી રહી છે. ૧૯૬૩ના આદેશ બાદથી ખાંડ સેક્ટર સરકારના અંકુશમાં છે. સરકાર શેરડીની કિંમત નક્કી કરે છે. સાથે સાથે માર્કેટ સપ્લાય પણ નક્કી કરે છે. ગયા વર્ષે રંગરાજન સમીટિ દ્વારા ખાંડને અંકુશ મુક્ત કરવાની ભલામણ કરવામાં આવી હતી. વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના વડા સી. રંગરાજનના નેતૃત્વમાં કમીટિ દ્વારા આ ભલામણ કરાઈ હતી. સરકાર રંગરાજન દ્વારા તૈયાર કરેલા અન્ય અહેવાલને સ્વીકારી ચૂકી છે. ખાંડની કિંમતને અંકુશમુક્ત કરવાની હિલચાલ શરૂ થયા બાદથી કારોબારીઓમાં ચર્ચાનો દોર શરૂ થઈ ગયો છે. અંકુશ મુક્ત થઈ ગયા બાદ ખાંડની કિંમતો પણ સંબંધિત વિભાગો દ્વારા પ્રવર્તમાન સ્થિતિન ધ્યાનમાં લઈને ફેરફાર કરી શકાશે. જો કે આ નિર્ણય ખૂબ જ સંવેદનસીલ હોવાની તેમાં વિલંબ થઈ શકે છે.

# જીડીપી વિકાસદર ૧૦ વર્ષમાં સૌથી ઓછો

નવી દિલ્હી,તા. ૭

ભારતનો આર્થિક વિકાસદર આ દશકમાં પાંચ ટકા સુધી થઈ જવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે જે એક દશકમાં સૌથી નીચો દર હોવાની વાતથી ભારે સનસનાટી મચી ગઈ છે. વર્ષ ૨૦૧૨-૧૩માં આર્થિક વૃદ્ધિદરનો અંદાજિત દર પાંચ ટકા રહેવાની વાતથી શેરબજાર અને કારોબારીઓમાં પણ ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે. મેન્યુફેક્ચરીંગ, કૃષિ અને સર્વિસ સેક્ટરના નબળા દેખાવના પરિણામ સ્વરૂપે દશકમાં જીડીપી વૃદ્ધિદર ૨૦૧૨-૧૩માં પાંચ ટકાની નીચી સપાટીએ રહેવાનો અંદાજ છે. સીએસઓ દ્વારા વ્યક્ત કરવામાં આવેલો આ અંદાજ સરકાર અને રિઝર્વ બેંક દ્વારા મુકવામાં આવેલા અંદાજ કરતા પણ ખુબ ઓછો છે. સીએસઓ દ્વારા જારી કરવામાં આવેલા આ અંદાજમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન જીડીપીનો વૃદ્ધિદર પાંચ ટકા રહેવાનો અંદાજ છે જ્યારે વિતેલા વર્ષમાં આ દર ૬.૨ ટકા હતા. ૨૦૦૨-૨૦૦૩માં જીડીપી વૃદ્ધિદર ચાર ટકા હતો. ત્યારબાદથી ભારતીય અર્થતંત્રમાં વૃદ્ધિદર છ ટકાથી વધુ રહ્યો છે. જેમાં સૌથી વધુ ૨૦૦૬-૦૭માં ૯.૬ ટકાનો આર્થિક વૃદ્ધિદર નોંધાયો હતો જે હજુસુધીનો સૌથી ઉંચો વૃદ્ધિદર છે. સીએસઓના અંદાજમાં કૃષિ અને તેની સાથે સંકળાયેલા ક્ષેત્રનો વૃદ્ધિદર ઘટાડીને ૧.૩ ટકા કરી દેવામાં આવ્યો છે જે ૨૦૧૧-૧૨માં ૩.૬ ટકા હતો. આવી જ રીતે મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રમાં વૃદ્ધિદર ઘટાડીને ૧.૯ ટકા કરી દેવામાં આવ્યો છે જે ગયા વર્ષે ૨.૭ ટકા હતો. સીએસઓનો જીડીપી વૃદ્ધિઅંદાજ ગયા સપ્તાહમાં તેની ત્રિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષામાં રીઝર્વ બેંક દ્વારા કરવામાં આવેલી ૫.૫ ટકાની આગાહી કરતા પણ ઓછો છે. સમગ્ર નાણાંકીય વર્ષ માટે પાંચ ટકાના વૃદ્ધિદરનો અંદાજનો મતલબ એ થયો કે વર્ષ ૨૦૧૨-૧૩ના બીજા ત્રીમાસિક ગાળામાં આર્થિક વૃદ્ધિની ગતિ વધારે ધીમી પડી શકે છે. એપ્રિલ સપ્ટેમ્બરના ગાળા દરમિયાન જીડીપી વૃદ્ધિદર ૫.૪ ટકા રહ્યો હતો. સીએસઓના અંદાજમાં જણાવવામાં આવ્યું છે કે નાણાંકીય, વિમા, રિયલએસ્ટેટ અને કારોબારી સેવા સહિત સર્વિસ ક્ષેત્રમાં વૃદ્ધિદર ચાલુ નાણાંકીય વર્ષમાં ૮.૬ ટકા રહેવાનો અંદાજ છે જે ગયા વર્ષમાં ૧૧.૭ ટકા હતો. અલબત્ત માઈનિંગ અને સંબંધિત ક્ષેત્રમાં વૃદ્ધિદર ૦.૪ ટકા રહેવાનો અંદાજ છે જ્યારે વિતેલા વર્ષમાં તેમાં ૦.૬ ટકાનો ઘટાડો નોંધાયો હતો. આવી જ રીતે નિર્માણક્ષેત્રમાં વૃદ્ધિદર પણ આંશિક સુધરીને ૫.૯ ટકા રહેવાનો અંદાજ છે. વિજળી, ગેસ અને જળ ઉત્પાદનમાં વૃદ્ધિદર ઘટીને ૪.૯ ટકાનો રહેવાનો અંદાજ છે જે વિતેલા વર્ષમાં ૬.૫ ટકા હતો.

## સમાચાર ઝલક

- દિલ્હીમાં મહિલાઓ બિલકુલ સુરક્ષિત નથી : શીલા દિક્ષીત, દિલ્હીનાં મુખ્યમંત્રી.
- વિશ્વની ટોચની ૨૦૦ યુનિવર્સિટીઓમાં એક પણ ભારતીય નહીં.
- બોલીવુડ અભિનેતા વિવેક ઓબરોય પિતા બન્યો.
- ગુજરાત એક્સપ્રેસમાં ચાર કોચ ઉમેરાશે.
- ઘર-અકસ્માત વીમા પર કર રાહત આપવા કેન્દ્રની વિચારણા, બજેટમાં ટેક્સ-ફ્રી બોન્ડ પણ જાહેર થશે.
- દિલ્હીમાં બળાત્કારની વધુ એક શરમ જનક ઘટના, યુવતી હોસ્પિટલમાં દાખલ.
- મુંબઇ-દિલ્હી વિશ્વના સસ્તા શહેરોની યાદીમાં.
- મહિલા દિનથી અમદાવાદની મહિલાઓ માટે હેલ્પલાઇન શરૂ કરાશે.
- ગુજરાતમાં ઠંડી વધી, માવઠાથી પાકને નુકશાન, ખેડૂતોને ફટકો.
- મોબાઇલ ગ્રાહકોની સંખ્યા ગુજરાતમાં ૮૦ લાખ ઘટી.
- ગુજરાતમાં તમામ તાલુકા મથકોએ હેલીપેડ બનાવવામાં આવશે.
- ભારત સાધુ સમાજના પ્રમુખપદે દ્વારકાપીઠના સ્વરૂપાનંદજીની વરણી.
- તા. ૩૧/૧૨/૨૦૧૨ પહેલાં નિવૃત્ત થનારને સી.સી.સી. પરીક્ષા પાસ નહિ કરેલ હોય તો પણ હાયર ગ્રેડ મળશે.
- રાજકોટમાં લાખોના ચલણી સિક્કા બેંક અને પોલીસનું ભેદી ઓપરેશન.
- 'વેલેન્ટાઇન ડે' ૧૪મી ફેબ્રુઆરીનો રોમાંચ શરૂ, પ્રેમનો રંગ ઘૂંટાશે, ટેડીબિયર, લવ મગ, સોફ્ટ હાર્ટ, હાર્ટ પિલોનો ભવ્ય ખજાનો.
- ખાંડ અંકુશમુક્ત, રેશનકાર્ડ પર ખાંડ નહિ મળે.
- ૬૧ વર્ષીય ફિલ્મ અભિનેત્રી ઝીન્નત અમાનનો મિત્ર ૩૬ વર્ષનો રાજકારણી !!
- સંખ્યાબંધ ટ્રાવેલ્સ કંપનીનું 'કુંભ પેકેજ' સંગમમાં ડુબકી મારવા રૂપિયા એક લાખનું પેકેજ.
- ગુજરાત વિધાનસભાની ૨૦૧૨ની ચૂંટણી સમયે ૪૦૦ પેઇડ ન્યૂઝ જાહેર થયા હતા : ચૂંટણી પંચ.
- ગુજરાત સરકારના ઇ-ગર્વનન્સે ૪ એવોર્ડ મેળવ્યા.
- કિડની ઇન્સ્ટીટયુટના સ્થાપક ડો. એચ.એલ.ત્રિવેદીને બેસ્ટ ડોકટર ઓફ કન્ટ્રીનો એવોર્ડ.
- પાકિસ્તાનમાં ભારે વરસાદથી ૪૮ વ્યક્તિઓનાં મોત, ૩૦ વર્ષનો રેકોર્ડ તૂટ્યો.

## ગુલબર્ગ સોસાયટી કેસ : જાકિયા સીટનો અહેવાલ મેળવવા હકદાર

નવી દિલ્હી,તા. ૭

સુપ્રીમ કોર્ટે આજે એક મહત્વપૂર્ણ ચૂકાદો આપતા જણાવ્યું હતુ કે કોંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ અહેસાન જાફરીના વિધવા જાકિયા જાફરી વર્ષ ૨૦૦૨ના ગોધરા કાંડ બાદ ભડકી ઉઠેલી સાંપ્રદાયિક હિંસા દરમિયાન બનેલા કમકમાટીપૂર્ણ ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડ કેસમાં તેના વડાની ટિપ્પણી સિવાય સમગ્ર સીટનો અહેવાલ મેળવવા માટે હકદાર છે. સુપ્રીમ કોર્ટે ઠેરવ્યુ હતુ કે સીટનો અહેવાલ જાકિયા જાફરીને મળે તે જરૂરી છે. સુપ્રીમના આ ચુકાદાથી નવી કાયદાકીય ખેંચતાણ શરૂ થઈ શકે છે. તપાસ સાથે સંબંધિત સામગ્રી જાકિયાને આપવાના ઈન્કારના અમદાવાદ કોર્ટના બે આદેશોને ફગાવી દીધા હતા. જાકીયા જાફરી દ્વારા દાખલ કરવાાં આવેલી અરજી પર સુનાવણી ચલાવતીવેળા સુપ્રીમ કોર્ટે આ મુજબનો આદેશ આપ્યો હતો. જાકિયા જાફરી એ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ક્લીનચીટ આપવાના ખાસ તપાસ ટીમના અહેવાલ સામે વાંધો ઉઠાવ્યો હતો અને અરજી દાખલ કરી હતી. સીટે ગયા એપ્રિલ મહિનામાં વર્ષ ૨૦૦૨ના ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડ કેસમાં નરેન્દ્ર મોદીને ક્લીનચીટ આપી હતી.

તેમની સામે કોઈ પુરાવા હાથ ન લાગતા ખાસ તપાસ ટીમે આ કેસને બંધ કરવાની પણ માંગ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડ દરમિયાન ૬૯ લોકોને જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા. આ બનાવથી દેશભરમાં સનસનાટી મચી ગઈ હતી. ગુજરાતમાં કોમી રમખાણ દરમિયાન બનેલા સૌથી મોટા હત્યાકાંડ પૈકીના એક તરીકે આને જોવામાં આવે છે. જાકિયા જાફરી દ્વારા કરવામાં આવેલી ફરિયાદ બાદ સુપ્રીમ કોર્ટે ૨૭મી એપ્રિલ ૨૦૦૯ના દિવસે આરકે રાઘવનના નેતૃત્વમાં સીટની રચના કરી હતી. નવ મહત્વપૂર્ણ કેસો ફરી ખોલવામાં આવ્યા હતા. બનાવના સાત વર્ષ બાદ આ સમગ્ર તપાસનો દોર પુનઃ શરૂ થયો હતો. સીટે ૧૪મી મે ૨૦૧૦ના દિવસે સુપ્રીમ કોર્ટમાં રજીસ્ટાર સમક્ષ પોતાનો અહેવાલ રજુ કર્યો હતો.

બનાવ વખતે સોસાયટીના મોટા ભાગના મકાનો નાશ પામ્યા હતા. માત્ર એક જ મકાનને ફરી સમારકામ મારફતે હાથ ધરવામાં આવ્યુ હતુ. બાકીના લોકો ઘર છોડીને જતા રહ્યા હતા. ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે સવારે નવ વાગ્યે હિંસાની શરૂઆત થઈ હતી અને તોફાની ટોળા ગુલબર્ગ સોસાયટીની બહાર એકત્રિત થયા હતા. આ હત્યાકાંડમાં ૬૯ લોકોને જીવતા સળગાવી દેવાયા હતા. અન્ય ૮૫ લોકો ઘાયલ થયા હતા. બેસ્ટ બેકરી કેસ, સરદારપુરા હત્યાકાંડ, નરોડા પાટિયા, ગુલબર્ગ સોસાયટી સહિતના કેટલાક હત્યાકાંડ રમખાણો દરમિયાન થયા હતા. સીટ દ્વારા ઉંડી તપાસ ચલાવવામાં આવી હતી. માર્ચ ૨૦૧૦માં ગુજરાતના મુખ્યમંત્રી મોદીને પણ જુબાની આપવા માટે બોલાવવામાં આવ્યા હતા.

૨૭મી માર્ચ ૨૦૧૦ના દિવસે મોદી સીટ સમક્ષ ઉપસ્થિત થયા હતા અને લાંબી જુબાની આપી હતી. માર્ચ ૨૦૧૦માં ગુલબર્ગ સોસાયટી કેસમાં ટ્રાયલ ઉપર સુપ્રીમે સ્ટે મુક્યો હતો. ૧૫મી ડિસેમ્બર ૨૦૧૧ના દિવસે જાકિયા જાફરી અને અન્ય ભોગ બનેલા લોકોએ સુપ્રીમ કોર્ટ સમક્ષ અરજી દાખલ કરી હતી અને અમદાવાદ કોર્ટ સમક્ષ અહેવાલ રજુ કરવા સીટને આદેશ આપવા અપીલ કરી હતી. આઠમી ફેબ્રુઆરી ૨૦૧૨ના દિવસે સીટે ગુજરાત મેજિસ્ટ્રેટની કોર્ટમાં અહેવાલ રજુ કર્યો હતો.

### ખજાનો (પાના નં. ૪ નું ચાલુ)

(૨) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી, ૫૫૩/૧
(૪) જયરાજસિંહ જાદવ : સે-૩૦, પ્લોટ નં.૪૩૮
(૫) પંકજ આર. પ્રજાપતિ : ગાંધીનગર
(૬) રેખા મહેશભાઈ જાદવ : સે-૩૦
(૭) ધાર્મિક એસ. પટેલ : સે-૨૦
(૮) ગોમતીબેન કનુભાઈ પરમાર : સે-૨ડી, પ્લોટ નં.૧૭૫૭/૨

### ● પૂછું એક સવાલ...?

(૧) પટેલ મયંક જે. : સે-૨૭થી
પ્રશ્ન - આસામનો શું અર્થ થાય છે?
જવાબ - 'આસામ'નો મૂળ સંસ્કૃત શબ્દ છે 'અસમ' એટલે કે અસમાન - ઉબડખાબડ ધરતી
(૨) પંચાલ મિહિર જે : સે-૨૯થી
પ્રશ્ન - ભારતનો સૌથી લાંબો સડકમાર્ગ કયો છે?
જવાબ - વારાણસીથી તિરૂવનંતપુરમ્
(૩) વ્યાસ અમીત કે : સે-૧૭થી
પ્રશ્ન - ઈન્ડિયા હાઉસ ક્યાં આવેલું છે?
જવાબ - લંડનમાં, ભારતની હાઈ કમિશ્નર કચેરી
(૪) ધારા. એલ. શાહ : સે-૨૮થી
પ્રશ્ન - બંગાળી ભાષા સૌથી વધારે ક્યાં બોલાય છે?
જવાબ - બાંગ્લાદેશમાં
(૫) પટેલ ધવલ એ. : સે-૩એ
પ્રશ્ન - ઉ-થાન્ટ ક્યાં સમયગાળા દરમિયાન યુ.એન.ના મહામંત્રી હતા?
જવાબ - ઈ. સ. ૧૯૬૧ થી ૧૯૭૧

### ● આ સપ્તાહનો સવાલ...?

ગુજરાતના કયા ગામમાં સતના પારખા કરવા લોકોને ઉકળતાં તેલમાં હાથ નાખવા મજબૂર કરવામાં આવ્યા?

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

### ● સાચા જવાબો :-

[illegible]
[illegible]

## કર્ણાટક હાલ તમિળનાડુને પાણી આપશે નહીં : શેત્તાર

બેંગ્લોર,તા. ૭

સુપ્રીમ કોર્ટે પાણી આપવા માટે આદેશ આપ્યો હોવા છતાં કર્ણાટક તમિળનાડુને હાલમાં પાણી આપે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. મુખ્યમંત્રી જગદીશ શેત્તાર દ્વારા આ મુજબનો સંકેત આજે આપવામાં આવ્યો હતો.

સુપ્રીમ કોર્ટના આદેશ બાદ રાજ્ય વિધાનસભામાં શેત્તારે કહ્યુ હતુ કે સુપ્રીમ કોર્ટનો આદેશ ગંભીર ચિંતાનો વિષય છે. તમિળનાડુમાં ઉભેલા પાક માટે ૨.૪૪ ટીએમસી પાણી આપવા કર્ણાટક સરકારને આજે સૂચના આપવામાં આવી હતી. જળ સંશાધન પ્રધાન બાસવરાજ બોમાઈએ કહ્યુ હતુ કે તેઓ ખાસ વિમાન મારફતે દિલ્હી જઈ રહ્યા છે અને નિષ્ણાંતો સાથે વાતચીત કરશે જેમાં કર્ણાટકના હિતોને જાળવી રાખવા માટે રજુઆત કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટના આદેશ અંગે ટૂંકી ચર્ચાનો જવાબ આપવા તેમણે આ મુજબની વાત કરી હતી. સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં પાણી આપવા કર્ણાટકને સીધો આદેશ આપ્યો હતો.

જસ્ટિસ આરએન લોધાના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટની બેંચે કહ્યુ હતુ કે કર્ણાટક વહેલીતકે પાણી જારી કરે તે જરૂરી છે. ડેલ્ટા પ્રદેશમાં તમિળનાડુના વિસ્તારોની મુલાકાત લીધા બાદ નિષ્ણાંત સમિતિએ અહેવાલ સોંપ્યો હતો જેના આધાર પર સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો.

## વિહીપ નેતા તોગડીયા સામે કેસ દાખલ કરવામાં આવ્યો

નવી દિલ્હી,તા. ૭

કેન્દ્રિય ગૃહ મંત્રાલય તરફથી આદેશ મળ્યા બાદ મહારાષ્ટ્ર પોલીસે આજે રાજ્યના નાંદેદ જિલ્લામાં ઘૃણાસ્પદ ભાષણ કરવા બદલ વિશ્વ હિન્દુ પરિષદના નેતા પ્રવિણ તોગડિયા સામે કેસ દાખલ કર્યો છે. નાંદેદ પોલીસે ભાષણની વિગતો સાંભળી હતી. અગાઉ ગૃહમંત્રાલયે પૃથ્વીરાજ ચૌહાણના નેતૃત્વમાં મહારાષ્ટ્ર સરકારની એવા આક્ષેપોમાં તપાસ કરવા સૂચના આપી હતી કે તોગડિયાએ ચોક્કસ સમુદાયના સભ્યો સામે ઉશ્કેરણીજનક ભાષણ આપ્યુ હતુ. ગૃહ મંત્રાલયની સલાહ બિલકુલ સ્પષ્ટ છે. ફોરેન્સિક પૂરાવામાં સમર્થન મળ્યા બાદ તોગડિયા સામે કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવી છે. અગાઉ મહારાષ્ટ્ર સરકારે કેન્દ્રને ખાતરી આપી હતી કે તે તોગડિયા સામે કાયદાકીય પગલા લેશે. રાજ્યમાં કોંગ્રેસ સરકારે તોગડિયાના ઉશ્કેરણીજનક ભાષણની ફોરેન્સીક તપાસનો અગાઉ આદેશ કર્યો હતો. આખરે તપાસ અહેવાલ આવ્યા બાદ તોગડિયા સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. તોગડિયા સામે કેસ દાખલ થતા આ મામલો રાષ્ટ્રીય ગરમી પકડી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૨મી જાન્યુઆરીએ મહારાષ્ટ્રના નાંદેદ જિલ્લાના ભોકર શહેરમાં જાહેરસભામાં તોગડિયાએ ખાસ સમુદાયના સભ્યો અનો એમઆઈએનના ધારાસભ્ય અકબરુદ્દીન ઓવાસી સામે આકરા પ્રહારો કર્યા હતા. અકબરુદ્દીનને ગયા મહિને આંધ્રપ્રદેશના અદિલાબાદ જિલ્લામાં નિર્મલ શહેરમાં ઘૃણાસ્પદ ભાષણ આપવા બદલ જેલ ભેગા કરવામાં આવ્યા છે.